કોવિડ-૧૯

# કોરોના વોરિયર્સ ફાઈલ

## ગુજરાત

# બનાસકાંઠા

NISWARTH

SEVA SANGATHAN

*Har Waqt Aapke Saath*

PARBATBHAI SAVABHAI PATEL
MEMBER OF PARLIAMENT
(LOK SABHA)
BANASKANTHA GUJARAT

सत्यमेव जयते

Resident Address :
1 Gayatri Society, Deesa Highway
Tharad - 385565, Banaskantha (Gujarat)
E-mail : mpbanaskantha@gmail.com
Mobile : 9978405319

તા. 17-11-2021

# શુભેચ્છા પત્ર

આ શુભેચ્છા પત્ર લખતાં ગૌરવ અનુભવીએ છીએ નિસ્વાર્થ સેવા સંગઠનના પ્રમુખ અને ઠાકોર સમાજના વિચારક એવા નીતિનભાઈ ઠાકોર દ્વારા અનેક વિવિધ પ્રવૃતિઓ થકી તેઓએ ગુજરાતનુ ગૌરવ વધાર્યું છે. કોરોનાની મહામારી સમયે કોરોના મહામારી સામે ઝઝુમતા દર્દીઓની ખડેપગે સેવા કરી છે. આ કારણે અનેકોના જીવન સરળ અને સહજ બન્યા છે. કોઈ પણ પ્રકારના ડર વગર તેમણે કોરોનામાં અનેક લોકોના શાસ્ત્રોક્ત અગ્નિ સંસ્કાર કરાવ્યા આ માટે બાલારામ મહાદેવના  સાનિધ્યમાં નદી કિનારે કોરોનાથી અવસાન પામેલાં અનેક મૃતકોની તર્પણ વિધિ કરાવીને અનેકોના જીવનના સમયને યોગ્ય રીતે સ્થપિત કર્યા છે.

તેઓના આ ઉમદા કાર્યની નોંધ સમગ્ર વિશ્વમાં વલ્ડ બુક ઓફ રેકોર્ડસ (લંડન) દ્વારા લેવાઈ છે. તેમના કાર્યની નોંધ સમગ્ર વિશ્વમાં મીડીયા દ્વારા અવતર રીતે લેવાઈ છે. તેઓ સતત પ્રગતિના માર્ગને પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ સાથે એમના આ કાર્ય થકી સમાજ અને રાષ્ટ્રનું નામ  સમગ્ર વિષયમાં આગળ ધપાવતા રહે તેવી શુભકામના પાઠવું છું.

શ્રી નીતિન ઠાકોર ભારતીય જનતા પાર્ટીના અગ્રણી કાર્યકર હોઈ આ પાર્ટી પરિવારને નાતે તેઓની વિવિધ સિધ્ધિઓ બદલ તેમને શુભકામના પાઠવું છું.

આપનો સ્નેહી

(પરબતભાઈ પટેલ)

પ્રતિશ્રી,
નીતિનભાઈ ઠાકોર
નિસ્વાર્થ સેવા સંગઠન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર.

MEMBER OF PARLIAMENT (LOK SABHA) INDIA

|| स्वस्थस्य स्वास्थ्य रक्षणम् ||

# Banas Medical College & Research Institute, Palanpur

(UNDER HEALTH POLICY 2016, GOVT. OF GUJARAT)

General Hospital Campus, Simla Gate, Palanpur - 385001 (Gujarat)
Telephone: 02742-265780, Fax No: 02742-252723
Email: banasmcri@gmail.com, eoffice.bmcri@gmail.com | www.bmcri.co.in

## શુભેચ્છા સંદેશ

કોવિડ ૧૯ની કપરી પરિસ્થિતિઓ વચ્ચે નિઃસ્વાર્થ સેવા સંગઠનના પ્રમુખ નીતિનભાઈ ઠાકોર દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ થકી બનાસકાંઠાની સાથે સાથે સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. તેમણે કોરોના મહામારી સામે ઝઝુમતા દર્દીઓની ખડેપગે સેવા કરી છે. તેમણે કોરોનામા અનેક લોકોના અગ્નિસંસ્કાર પણ કરાવ્યા છે તથા મૃતકોની તર્પણ વિધિ પણ કરાવી છે તે જાણીને આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છું અને તેઓને અભિનંદન પાઠવું છું. તેઓના આ ઉમદા કાર્યની નોંધ વિશ્વમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસ (લંડન) દ્વારા પણ લેવાઈ છે જે ગૌરવની બાબત છે. તેઓશ્રી દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાના ૧૦૦ જેટલા કોરોના વોરીયર્સની માહિતી આપતુ મેગેઝિન પ્રસિધ્ધ કરવા જઈ રહ્યા છે. આ મેગેઝિન આજના યુવા વર્ગ અને આવનારી પેઢીઓ માટે ચોક્કસથી પ્રેરણારૂપ સાબિત થશે.

તેઓ આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિમાં સતત કાર્યરત રહે, સેવા કાર્યો થકી સમાજ અને રાષ્ટ્રનું નામ સમગ્ર વિશ્વમાં આગળ વધારતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવું છું. શ્રી નીતિનભાઈ ઠાકોર દ્વારા શરૂ કરેલ સેવાયજ્ઞ સતત અને અવિરત ચાલતો રહે તે માટે પરમાત્મા તેઓને શક્તિ, સ્વાસ્થ્ય અને સામર્થ્ય અર્પે તેવી મા જગદંબાને પ્રાર્થના કરુ છું.

(પી. જે . ચૌધરી)
પ્રમુખ, જી.એન.પી.સી.ટી.
પાલનપુર

Managed by **Galbabhai Nanjibhai Patel Charitable Trust, Palanpur**
Registration No.: Bombay Public Trust Act 1950: E/1530/Banaskantha
Ph.: 02742-255720, 253881-85, Fax : +912742-252723



૨૦૧૭માં તેઓ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી,પૂર્વ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી હરિભાઇ ચૌધરી તેમજ વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરી અને ભાજપ કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં પાલનપુર મુકામે નિતીન ઠાકોર પોતાના ૨૦૦ સાથી મિત્રો સાથે મોદી સાહેબને પોતાના જીવનના આઇકોન માને છે માટે બીજેપી નો ખેસ પહેરી ભારતીય જનતા પાર્ટીને સમર્થન આપ્યું અને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

કોરાના અસરગ્રસ્ત મૃતકોની તર્પણ વિધિ બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ, લંડન દ્વારા વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર તરીકેનું ડબલ્યુ બી આર સ્વિટ્ઝરલેન્ડના પ્રેસિડેન્ટ પુનમ જેઝલર અને વિલિયમ જેઝલર દ્વારા સન્માન કરવામાં આવ્યું.











“ટાઇમ્સ ઓફ ઇન્ડિયા" દ્વારા દ્વિતીય વખત વિશિષ્ટ કાર્યની નોંધ લેવાઇ.

સંત શિરોમણી શ્રી
પરમ પૂજ્ય સંત શ્રી સદારામ બાપા,
ટોટાણા, દ્વારા સન્માન.



NISWARTH SEVA SANGATHAN



કેન્દ્રીય મંત્રી શ્રી રામદાસ અઠાવલે દ્વારા
વિવિધ સેવાકાર્ય બદલ દિલ્હી ખાતે
સન્માન પત્ર થકી સન્માન.

બજરંગી ભાઈજાન ચાઈલ્ડ એક્ટ્રેસ
મુન્ની ઉર્ફે હર્શાલી મલ્હોત્રા તથા ફિલ્મ એક્ટર,
પ્રોડ્યુસર, સિંગર અને નિર્દેશક કીર્તિકુમાર આહુજા દ્વારા
મુંબઈ ખાતે બેસ્ટ એન.જી.ઓ. એવોર્ડ ટ્રોફી આપી સન્માન.






હિમાચલ પ્રદેશના પૂર્વ રાજ્યપાલ અને
રાજસ્થાનના પૂર્વ હાઇકોર્ટ જસ્ટીશ વી.એસ.કોકજે
તેમજ નોઇડા મારવા ફિલ્મ સિટીના ફાઉન્ડર અને
એશિયન એકેડમી ઓફ ફિલ્મ ટેલીવિઝન
ઇન્ડિયાના ડોક્ટર સંદીપ મારવા દ્વારા
વિવિધ સેવાકાર્ય બદલ સન્માન.

બનાસ સિવિલ હોસ્પિટલ,
બનાસકાંઠાના સુપ્રીટેન્ડેનટ ડૉ. સુનીલભાઈ જોશી દ્વારા
કાનુભાઈ મહેતા હોલ ખાતે જાહેરમાં “બનાસકાંઠાના
સોનુસુદ” ઉપનામ સાથે સંબોધી
સન્માન કરવામાં આવ્યું.



## માનનીય યશસ્વી વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદીજી

## ભારત સરકાર



આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ ભારત રાષ્ટ્ર સમગ્ર વિશ્વ માટે પથદર્શક બની રહ્યું છે. જેનાથી એક ભારતીય તેમજ ગુજરાતી તરીકે અમે સૌ ગૌરવની લાગણી અનુભવીએ છીએ. પ્રવર્તમાન સમયમાં કોરોનાએ વિશ્વને ભરડામાં લીધું તે કાળે દુનિયાની કહેવાતી મહાસત્તાઓ નિષ્ફળ જણાઈ હતી, તે સમયે જનતા કર્ફ્યુ તેમજ લોકડાઉનના માધ્યમથી આ મહામારીને મહાભક્ષક બનતા અટકાવવામાં આપણું રાષ્ટ્ર સફળ રહ્યું હતું. આ સંજોગોમાં લોકોના મનોબળ અને આપત્તિ સામે લડવા માટે સતત પ્રેરણા આપવાનું કાર્ય ખૂબ જ મહત્વપૂર્ણ હતું. ક્યારેક ઘર આંગણે દીવા પ્રગટાવવા તો ક્યારેક થાળી કે ઘંટડી વગાડવા જેવા સામૂહિક કાર્યક્રમોના માધ્યમથી આપ એ કાર્ય સુચારુ રીતે કરી શક્યા, જેની યશગાથા જનમાનસમાં અંકિત થયેલી છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકેના આપના યશસ્વી કાર્યકાળ અને ત્યારબાદ વડાપ્રધાન તરીકેના આપના હિંમતભર્યા નિર્ણયોથી રાષ્ટ્રનો યુવા વર્ગ ખૂબ જ પ્રભાવિત થઈને પ્રેરણા મેળવી રહ્યો છે, જે સૌ કોઈના ધ્યાને આવ્યું છે. કોરોનાની સામે મજબૂત દીવાલ ઊભી થાય તે માટે રસીકરણ અત્યંત જરૂરી હતું. આ માટે દેશના વડાપ્રધાને વૈજ્ઞાનિકોને પ્રેરિત કર્યા તેમજ ફાર્માસ્યુટિકલ કંપનીઓની મુલાકાત લઇ તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું. એ વાતની આખા દેશે ગર્વસહ નોંધ લીધી. બે પ્રકારની રસીની શોધ બાદ રાષ્ટ્રના નાગરિકોમાં પ્રચંડ ઉત્સાહ જગાડવા માટે આપનું નેતૃત્વ જ કારણભૂત હતું. આ રસીની સહાયતા બીજા દેશને કરાવીને ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવતી ભાવના 'સર્વજન સુખાય અને સર્વજન હિતાય'ની અભિવ્યક્તિ થઈ. પોતાના સ્વર્ગીય માતાશ્રી "હીરાબા" તરફથી મળેલ ઉચ્ચ સંસ્કારો, પ્રેરણા તથા પ્રોત્સાહન થકી આજે રાષ્ટ્ર માટે પોતાનું જીવન સમર્પિત કરી રહેલા આપણા ભારત દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશનું સફળ નેતૃત્વ થઈ રહ્યું છે, ત્યારે ભારત દેશને વિશ્વગુરુ સુધી પહોંચાડનાર આપણા યુગપુરુષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ દામોદર મોદી સાહેબને વંદન છે. યુગોયુગ આ યુગપુરુષ શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી સાહેબને દુનિયા માન-સન્માન સાથે યાદ રાખશે.

આપનો વિશ્વાસુ
નિતિન ધોતિયા (ઠાકોર) ના વંદન

# સ્વર્ગીય રાજયોગીની ડૉ.રતન મોહિની દાદી

## આધ્યાત્મિક સેવાના અડગસ્તંભ
## બ્રહ્માકુમારી-આબુરોડ

BRAHMA KUMARIS




દાદી રતનમોહિનીજીએ સેવા અને સમર્પણની ભાવના સાથે જીવનભર કરેલી ઉત્કૃષ્ટ કામગીરીઓ અને તેમના નેતૃત્વમાં કોરોના-૧૯
વિશ્વભરમાં આપેલી સેવાને ધ્યાને લઈ નિઃસ્વાર્થ સેવા સંગઠનના ચેરમેન શ્રી નીતિન ધોતિયા દ્વારા તેમને સન્માનપત્ર અર્પણ કરી સન્માનિ
આવ્યા. દાદી રતનમોહિનીજીનું જીવન તેજસ્વી તપસ્યા, નિષ્ઠા અને અડગ સેવાનું ઉદાહરણ છે. માત્ર ૧૪ વર્ષની કાચી વયે કરાંચી
યોગસાધનામાં પ્રવેશ કર્યો અને ગાઢ તપસ્યા દ્વારા શિવ શક્તિરૂપનો અનુભવ કર્યો. આ આધ્યાત્મિક અનુભવે તેમના સમગ્ર જીવનની દિશા
નાંખી.પાકિસ્તાન સરકારના વિરોધ છતાં માઉન્ટ આબુ ખાતે સ્થાનાંતર કર્યા બાદ તેમના જીવનમાં નવી શરૂઆત થઈ. પર્વતીય આબુમાં
માધ્યમથી દાદીજી તથા સમગ્ર બ્રહ્માકુમારી સમાજે આધ્યાત્મિક ઊંચાઈઓ હાંસલ કરી. અહીં દાદીજીને બાબા સાથે નિકટતાનો લાભ મળ્યો
"Today-Obey" અભિગમ જીવનનો માર્ગદર્શક બન્યો. વિશ્વસેવા માટેની તેમની યાત્રા ૧૯૫૪માં જાપાનથી શરૂ થઈ. અહીં તથા હોંગકોંગ,
દેશોમાં તેમણે ભારતીય મૂળના લોકોમાં આધ્યાત્મિક જ્ઞાનનો પ્રસાર કર્યો. ૧૯૫૬થી ૧૯૭૦ સુધી ભારત તથા વિદેશમાં અનેક બ્રહ્માકુમારી કેન્દ્
કરી. દેશમાં પણ દાદીજીની સેવાયાત્રાઓ વિશાળ રહી. ૧૯૮૫માં યુવા પદયાત્રા, ૧૯૮૯માં નૈતિક જાગૃતિ અભિયાન અને ૧૯૯૩થી યુવા
કાર્યક્રમો દ્વારા હજારો ગામોમાં પ્રેરણાદાયી કામગીરી કરી. ૧૯૯૬ પછી અનેક દેશોમાં ધ્યાન શિબિરોનું નેતૃત્વ કર્યું. ૧૦૦ વર્ષની ઉંમ
બ્રહ્માકુમારીઓના મુખ્ય સંચાલક તરીકે કાર્યરત રહ્યા અને ૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ ૧૦૧ વર્ષની વયે દેવત્વ અવસ્થા પ્રાપ્ત કરી. દાદી રતનમો
રત્નો"માંથી એક પ્રમુખ સ્તંભ હતા. જેઓના તપ, ત્યાગ અને નમ્રતાથી બ્રહ્માકુમારી સંસ્થા વટવૃક્ષ બની વિશ્વભરમાં વિકસી. તેમનું જીવન ભા
દિવ્ય દિશા દર્શાવે છે. દાદી રતનમોહિનીજીના ૧૦૧માં જન્મદિવસ નિમિત્તે આબુરોડ મુકામે, ડાયમંડ હોલ ખાતે દાદીના સેક્રેટરી લીલા
બાલગુરુભાઈ તથા જીતુભાઈની હાજરીમાં નિઃસ્વાર્થ સેવા સંગઠનના ચેરમેન શ્રી નીતિન ધોતિયા દ્વારા દાદીને નિઃસ્વાર્થ સેવા સંગઠન
સર્ટિફિકેટ' આપી સન્માનિત કરવામાં આવ્યા.

# લોકપ્રિય નેતા શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી

## કોરોનકાળ દરમ્યાન શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવેલ વિવિધ સેવા કાર્યો બદલ નિ:સ્વાર્થ સેવા સંગઠનના ચેરમેન શ્રી નીતિન ધોતિયા દ્વારા સન્માનપત્ર અર્પણ કરી તેમનું બહુમાન કરવામાં આવ્યું

કોરોના મહામારીએ જ્યારે સમગ્ર વિશ્વને ભરડામાં લીધી હતી ત્યારે, શેરીઓ અને રસ્તા ખાલીખમ દેખાતા હતા અને માત્ર દવાખાના, સ્મશાનો તથા કબ્રસ્તાનોમાં જ ભીડ દેખાતી હતી. બચનાર માણસો કરતા મરનાર માણસોની સંખ્યા વધતી હતી. દવા સારવાર કે આર્થિક રીતે લોકો અગવડ ભોગવતા હતા.



.આ સમયે સમગ્ર ઉત્તર ગુજરાતના ચૌધરી સમાજના હીરો,ગુજરાત વિધાનસભાના વર્તમાન અધ્યક્ષ અને એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન એવા શંકરભાઈ ચૌધરી આગળ આવ્યા. તેઓની પ્રેરણા, માર્ગદર્શન અને હુંફ થકી વિવિધ સમાજના યુવાનો કોરોના વોરિયર્સ તરીકે કોરોનામુક્ત ભારતના અભિયાનમાં જોડાયા. તેઓની સેવાથી આપણો જિલ્લો ઝડપથી કોરોનામુક્ત બન્યો. રાજકીય આગેવાન તથા લોકોના જીવનને નજીકથી સમજનાર આ લોકનેતા કે, જેમણે કોરોનાકાળમાં  પોતાના જીવની દરકાર કર્યા વિના રાત-દિવસ લોકસેવા કરી. બનાસ ડેરીના ચેરમેન તરીકે તાત્કાલિક સૌથી મહત્વપૂર્ણ નિર્ણય લઈ, સિવિલ હોસ્પિટલને સાથે રાખી ઓક્સિજન પ્લાન્ટ નિર્માણ કરવાનું કામ હાથ પર લીધું. માત્ર ગણતરીના દિવસો,અરે! કહો કે ગણતરીના કલાકોમાં જ અત્યાધુનિક ઓક્સિજન પ્લાન્ટ ઊભો કર્યો. બીજી તરફ બનાસ બેંકને સાથે રાખી આર્થિક રીતે નવતર પ્રયોગ કરી લોકજીવન સરળ બની જાય તેવા પ્રયત્નો હાથ ધર્યા. સમગ્ર દેશમાં નોંધ લઈ શકાય તેવું કામ ગુજરાતમાં થયું. બનાસડેરીના સહયોગ દ્વારા જિલ્લાના તમામ ગામડાઓની સ્થાનિક દૂધ ડેરીની મદદથી ગામડાઓને સેનિટાઇઝ કરવામાં આવ્યા. જિલ્લાની પાલનપુર સિવિલ હોસ્પિટલના આધુનિકરણ માટે પ્રયત્નો કરી સફળતા મેળવી અને સાધન સામગ્રી ઉપરાંત જરૂરી સહાય પૂરી પાડી. કહેવાય છે કે, જ્યાં જેને જેવી જરૂરિયાત ઊભી થઈ તેવી તેને ત્યાં શંકરભાઈ ચૌધરીના પ્રોત્સાહન અને પ્રેરણા થકી પૂરી પાડવામાં આવી. લોકોના જીવ બચાવવા ઓક્સિજનની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવી કે જિલ્લામાં ઓક્સિજનની કદી ઘટ જ ના પડે. આવી અનેક સુવિધાઓ લોકોને શંકરભાઈ દ્વારા મળી અને હજારો પરિવારો દ્વારા આ સેવાનો લાભ લેવાયો. માત્ર કોરોના જ નહીં, કોઈપણ પ્રકારની કુદરતી આફત હોય જાણે કે,વરસાદી પૂર, વાવાઝોડું કે પછી ધરતીકંપ હોય. તમામ પ્રકારની આફતોમાં તેઓએ જિલ્લાના દરેક વ્યક્તિ માટે પ્રયત્નો કર્યા છે. તેઓ જાહેર હોદ્દા પર હોય કે ના હોય, પરંતુ જિલ્લાના સાચા લોકસેવક તરીકે જિલ્લામાં રહી, જિલ્લાની પ્રગતિ અને વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે.



આવા અનોખા લોકરતન એટલે શંકરભાઈ ચૌધરી કે જેઓએ એક કોરોના વોરિયર્સ તરીકે સમગ્ર રાજ્ય અને દેશને આગવો રસ્તો બતાવ્યો. તેમના આવા મહત્વપૂર્ણ યોગદાન બદલ નિ:સ્વાર્થ સેવા સંગઠનના ચેરમેન શ્રી નીતિન ધોતિયા દ્વારા શ્રી શંકરભાઈ ચૌધરીને નિ:સ્વાર્થ સેવા સંગઠનનું સન્માનપત્ર આપી, કોરોના વોરિયર્સ તરીકે બહુમાન કરવામાં આવ્યું. આમ, હજારો પરિવાર અને લાખો વ્યક્તિઓના જીવનમાં સરળતાથી આ મહામારી સામે લડવા સહયોગ કરી હકારાત્મક પરિણામ પ્રાપ્ત કરનાર શ્રી શંકરભાઈ ચૌધરીને બનાસકાંઠા જિલ્લો કાયમી યાદ રાખશે.

# શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી.

## માતાજીની કૃપાથી જ આજે આપણે બધાં કોરોના મુકત છીએ.

**કોરોનાકાળની અનોખી સેવાઓ બદલ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના તત્કાલીન ચેરમેન એવા આઇ.એ.એસ. કલેક્ટર શ્રી આનંદ પટેલને "નિઃસ્વાર્થ સેવા સંગઠન"ના ચેરમેન શ્રી નીતિન ધોતિયા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.**

જ્યારે આખું વિશ્વ કોરોના મહામારીથી વ્યાકુળ હતું, ત્યારે અંબાજી મંદિરના તત્કાલીન ચેરમેન અને આઇ.એ.એસ. અધિકારી શ્રી આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટે સમગ્ર સમાજ માટે આશાનું કેન્દ્ર બની સેવા કામ શરૂ કર્યું. સંકટના સમયમાં મંદિરે દર્શન માટેના દરવાજા બંધ કરી, ભક્તોની સેવાના દરવાજા ખૂલ્લા મૂક્યા હતાં.





અંબાજી મંદિર,જ્યાં ભાદરવી પૂનમના પાવન દિવસે લાખો પદયાત્રીઓ અંબે માતાના દર્શને આવે છે, એ મંદિર માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સમાજહિતનાં કાર્યોમાં પણ અગ્રીમ પંક્તિમાં રહ્યું છે. કોરોનાકાળ દરમિયાન 'મંદિરની આવક ઘટી ગઈ હતી, છતાં સેવા ઘટી નહીં' એજ સાચી ભક્તિનું રૂપ છે. મંદિર ટ્રસ્ટ દ્વારા બનાસકાંઠા, મહેસાણા, અરવલ્લી અને સાબરકાંઠા સહિતના વિસ્તારોમાં અનાજ પેકેટ, પીવાનું પાણી,દવાઓ, ઓક્સિજન સપોર્ટ જેવી સેવાનો વહેવાર ગોઠવાયો. દરેક પરિવારમાં જ્યાં ભોજનની અનિશ્ચિતતા હતી, ત્યાં અંબાજી મંદિરથી પહોંચેલ ભોજનપ્રસાદરૂપ સહાયે નવો શ્વાસ આપ્યો. અનેક રોગીઓ સુધી દવા પહોંચાડી,જિંદગીને જીવવાનો મોકો આપવામાં આવ્યો. મંદિર દ્વારા ઓનલાઇન આરતી અને ધર્મસંસ્કૃતિના કાર્યક્રમો દ્વારા જનમાનસમાં આશા જાગૃત રાખવામાં આવી. આ સેવા કાર્ય સંકલ્પશક્તિ,સંવેદના અને શ્રદ્ધા દ્વારા નિર્મિત હતું. ધર્મ જ્યારે માનવતાને સ્પર્શે,ત્યારે માનવસમાજમાં તે સમૃદ્ધિ અને શાંતિ લાવે. અંબાજી મંદિર એનું ઉત્તમ ઉદાહરણ બન્યું.



આવી જ સર્વસ્પર્શી અને શ્રેષ્ઠ સેવાઓ બદલ નિઃસ્વાર્થ સેવા સંગઠન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી નીતિન ધોતિયા, શ્રી રાજન અગ્રવાલ તથા શ્રી સુરજ ધોતીયાના હસ્તે અંબાજી મંદિરના ચાચર ચોકમાં શ્રી આનંદ પટેલને "કોરોના વોરિયર" તરીકે "સન્માનપત્ર" અર્પણ કરીને અંબાજી મંદિર ટ્રસ્ટનું સન્માન કરવામાં આવ્યું. અંતે એટલું જ કહી શકાય, અંબાજીએ માત્ર શક્તિપીઠ જ નહિ,પરંતુ માનવતાની અખંડ જ્યોત છે જે સંકટ સમયે પણ પ્રજ્વલિત રહે છે.

# પી. આઈ. મહેશભાઈ જીવરાજભાઈ ચૌધરી

કોરોનાકાળ દરમિયાન શ્રી મહેશભાઈ જીવરાજભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવેલ સેવાઓને ધ્યાને લઈ, નિઃસ્વાર્થ સેવા સંગઠનના ચેરમેન શ્રી નીતિન ધોતિયા દ્વારા તેમને સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.




એમ.એ. સુધીનો અભ્યાસ કરેલો છે. વધુમાં તેઓએ ડિપ્લોમા
...ગઢ, મહેસાણાના વતની મહેશભાઈ જીવરાજભાઈ ચૌધરીએ સમાજશાસ્ત્ર વિષય સાથે એમ.એ. સુધીનો અભ્યાસ કરેલો છે. વધુમાં તેઓએ ડિપ્લોમા
...કલ એન્જિનિયરિંગ પણ કરેલું છે. હાલમાં તેઓ પોલીસ ઇન્સ્પેક્ટર એન્ટીકરપ્શન બ્યુરો,પાટણ શહેરમાં કાર્યરત છે. સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ...
...ના ધોરીમાર્ગ ઉપર તેમણે ફરજ બજાવી છે. કોરોનાકાળ દરમિયાન પોતે ડીસા પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતા, તે સમયે ડીસાની હદથી રાજસ્થાન પરત
...વાળા લોકોને પોતાના વતનમાં પરિવાર પાસે સુરક્ષિત રીતે પહોંચાડવાની તેમની કામગીરી સરાહનીય રહી છે. તેમણે રાહદારીઓ માટે ચા-પાણી તથા ફૂડ
...ની સેવા પણ આપી હતી. કોરોના સમયમાં યોગ્ય ડિસ્ટન્સ જાળવવું, સેનિટાઇઝર તથા માસ્ક ફરજિયાત પહેરવા સંબંધી ઘણી એવી જરૂરી માહિતીઓ
...ે જનજાગૃતિ લાવવા ગલીએ ગલીએ ફરી, સ્થાનિકોને તે સમયની ગંભીરતાથી માહિતગાર કરવામાં તેમની ભૂમિકા મહત્વની રહી છે. પોલીસ સ્ટેશન
...માં રહેતા જરૂરિયાતમંદ લોકોને તેમણે આશરે ૧૦૦૦ કરતા વધારે રાશન કીટોનું સ્વખર્ચે વિતરણ કર્યું. રાજ્ય સરકારની કોવિડ ૧૯ની ગાઈડલાઈનનું
...કરાવવામાં એમણે અનેક નવતર વિચારો અમલી બનાવ્યા.

...સ્ત તથા પેટ્રોલિંગ દરમ્યાન જરૂરિયાત ધરાવતા લોકોને પોલીસ દ્વારા નિયમિત કોરોના ટેસ્ટિંગ કરાવવામાં ...ું કોરોના પોઝિટિવ કર્મચારીના પરિવારને તમામ પ્રકારની મદદ તથા જરૂર મુજબની સેવા તેમના દ્વારા ...માં આવી. પોલીસ ખાતાના અધિકારી તરીકે સેવાના કામ કરવામાં તેઓ મોખરે રહ્યા છે. કોરોનાકાળ ...ન કરેલી તેમની સેવાઓને નિઃસ્વાર્થ સેવા સંગઠનના કોરોના વોરિયર્સ મેગેઝીનમાં સમાવેશ કરાતા, ...ર્થ સેવા સંગઠનના ચેરમેન શ્રી નીતિન ધોતિયા અને સમાજસેવક ભરતભાઈ ધૂંખ દ્વારા ડીસા પોલીસ ...માં તે કોરોના વોરિયર સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આમ, સમગ્ર જિલ્લામાં પોલીસ ...દ્વારા વિવિધ કાર્યને અંતે તેમના દ્વારા થયેલ કાર્યની વિશેષ નોંધ લેવામાં આવી. સમગ્ર રાજ્યમાં કોરોના ...પોલીસ વિભાગની કાર્યશૈલી વિશેષ હતી. પરંતુ એમાંય ખાસ કરીને મહેશભાઈ ચૌધરીની વિશેષ ...ને ડીસા શહેર ગૌરવ અનુભવે છે.



# લાલજીભાઈ પટેલ

કોરોનાકાળ દરમિયાન લાલજીભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ નોંધપાત્ર સેવાઓને ધ્યાને લઈ નિ:સ્વાર્થ સેવા સંગઠનના કોરોના વોરિયર્સ મેગેઝીનમાં તેમનો સમાવેશ કરી, ચેરમેન શ્રી નીતિન ધોતિયા તથા પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકર દ્વારા તેમને સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.




વિશ્વ જ્યારે કોરોના નામની ભયાનક મહામારીના લીધે ત્રાહિમામ પોકારી રહ્યુ હતું, તે સમયે ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકામાં કાર્યરત કે.કે. ભેદરુ ચેરીટેબલ ટ્રસ્ટ લોકોની વ્હારે આવ્યું. આ ટ્રસ્ટ સામાજિક, શૈક્ષણિક, મહિલા સશક્તિકરણ ઉપરાંત પર્યાવરણ જતન જેવા વિવિધ ક્ષેત્રોમાં હંમેશા અગ્રેસર રહી કાર્ય કરી રહ્યું છે. ગુજરાત સરકારે કોરોનાકાળ દરમિયાન ફરજિયાત માસ્ક પહેરવાનો કાયદો બનાવ્યો ત્યારે,આ ટ્રસ્ટે લાખણી પંથકમાં હજારોની સંખ્યામાં માસ્કનું મફત વિતરણ કરી લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ટ્રસ્ટ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું પણ મફતમાં વિતરણ કરાયું હતું. તેમના ટ્રસ્ટે કોરોના સામે કેવી રીતે લડવું? તેની સરળ અને સચોટ માહિતી આપી લોકોમાં જાગૃતિ ફેલાવવાનું કામ કર્યું હતું. લોકડાઉનના કારણે પોતાના વ્યવસાય-ધંધા બંધ હોવાથી આર્થિક મંદી આવી ત્યારે ટ્રસ્ટ દ્વારા પરપ્રાંતિય લોકોને વિનામૂલ્યે ફૂડ પેકેટ તથા આર્થિક સહાય કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેમના ટ્રસ્ટ દ્વારા ચાલતી શાળાના બધા જ રૂમો કોરોના હોસ્પિટલ માટે સરકારને સમર્પિત કરવામાં આવ્યા હતા.



શાળાના તેમજ અન્ય બાળકો શિક્ષણથી વિમુખ ન થાય અને ટ્રસ્ટ સંચાલિત શાળાના શિક્ષકોને પણ વેતન મળી રહે તે હેતુથી ગામમાં ઘરે ઘરે ફરીને બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવ્યું હતું. લાખણી તાલુકાના મામલતદાર દ્વારા કોરોનાકાળ દરમિયાન ઉમદા કામગીરી કરેલ લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું, તે અંતર્ગત ટ્રસ્ટના પ્રમુખ શ્રી લાલજીભાઈ પટેલનું પણ લોકોને કરેલી મદદ માટે કોરોના વોરિયર તરીકે સન્માન થયું હતું. લાલજીભાઈએ કરેલા કાર્યોની વિશેષ નોંધ લઈને, નિ:સ્વાર્થ સેવા સંગઠન દ્વારા કોરોના વોરિયર્સ મેગેઝીનમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો. તેમજ સંસ્થાના ચેરમેન શ્રી નીતિન ધોતિયા અને પાલનપુર વિધાનસભાના ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરના વરદ હસ્તે લાલજીભાઈ પટેલને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આમ, કોરોનાકાળ દરમિયાન શ્રી લાલજીભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલી સેવાઓને લાખણી તાલુકાના લોકો આદરપૂર્વક યાદ રાખશે.

# જશુભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ

કોરોનકાળ દરમ્યાન શ્રી જશુભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ સેવાઓને ધ્યાને લઈ નિઃસ્વાર્થ સેવા સંગઠનના ચેરમેન શ્રી નીતિન ધોતિયા દ્વારા સન્માનપત્ર આપી તેમને સન્માનિત કરવામાં આવ્યા.




બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના સકલાણા ગામે જન્મેલ શ્રી જશુભાઈ ડાહ્યાભાઈ ચૌહાણનું બાળપણ સંઘર્ષમય છતાં આશાસ્પદ રહ્યું. ખેતી-મજૂરી કરતા માતા-પિતાની આર્થિક પરિસ્થિતિ ખૂબ નાજુક હતી. ધોરણ ૧૦ સુધીનું શિક્ષણ જશુભાઈએ પોતાના ગામમાં પૂર્ણ કર્યું. ૨૦૨૪માં શ્રી ધાણધાર રોહિત સમાજ ટ્રસ્ટના પ્રમુખ તરીકે સેવા આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જશુભાઈ રાજકીય ક્ષેત્રે પણ સક્રિય રહ્યા છે. ૨૦૨૧માં ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમને વડગામ તાલુકાના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ તરીકે અને ૨૦૨૩માં અનુસૂચિત જાતિ મોરચાના જીલ્લા મહામંત્રી તરીકે જવાબદારી આપવામાં આવી. કોરોના કાળમાં જ્યારે દુનિયા ઘરમાં બંધ હતી ત્યારે જશુભાઈ રાતદિવસ લોકોની સેવામાં તત્પર રહ્યા. આવશ્યક સેવાઓ, દર્દીઓની મદદ, ઓક્સિજન અને ખાટલાની વ્યવસ્થા કરી અનેક લોકોના જીવ બચાવવાની કોશિશ કરી.

તે સમયની દુઃખદ ક્ષણો આજે પણ તેમની આંખે છલકાય છે. આંતરિયાળ વિસ્તારમાં કામ કરતા ડોક્ટરોના સહયોગ માટે તેઓ ખૂબ ઋણી છે. તેમની વિશિષ્ટ કામગીરીઓને ધ્યાને લઈ નિઃસ્વાર્થ સેવા સંગઠનના ચેરમેન શ્રી નીતિન ધોતિયા, મુકેશભાઈ ચૌહાણ દ્વારા તેમને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. શ્રી જશુભાઈ ચૌહાણ માત્ર એક વ્યક્તિ નથી, પણ સમાજસેવાના પ્રેરણાસ્ત્રોત છે. તેમની જીવનયાત્રા સંઘર્ષમય, સેવામાં સમર્પિત તથા સમાજ માટે અડગ નિષ્ઠાનું અનોખું ઉદાહરણ છે.

